।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।
।। आयओ गुरुबहुमाणो ।।

# Journey-જિનશાસન

જન્મોજનમની સુખયાત્રા...
આનંદયાત્રા... પરમાનંદયાત્રા
શાસનયાત્રા

## પ્રિયમ્

અહો શ્રુતમ્
**શા. બાબુલાલજી સરેમલજી**
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com
માગસર, વિ. ૨૦૭૭

**શાસનયાત્રા** - ના પાંચ અક્ષરો દ્વારા શાસનયાત્રાને સમજવાનો પ્રયાસ કરીએ.

(૧) **શા**સ્ત્ર - શાસ્ત્ર એ જીવંત પરમાત્મા છે. શાસ્ત્ર આમાં શું કહે છે. એ જોયા જાણ્યા વિના કરવું, એ પરમાત્માને 'ચૂપ' કહેવા બરાબર છે. બાય ચાન્સ શાસ્ત્ર-વચન મળ્યું અને એનો અમલ ન કરીએ એ નજીક આવેલા પરમાત્માને હડસેલો મારવા બરાબર છે. શાસ્ત્રથી પર્પસલી દૂર રહેવું એ બરાબર એના જેવી ઘટના છે કે પરમાત્મા ક્યાંક આપણા ઘરમાં ન આવી જાય એ માટે ઘરનો દરવાજો બંધ કરીને લોક કરી દેવો.

આપણી બહુ મોટી વિશેષતા એ છે કે આપણે શાસ્ત્રની પરવા કર્યા વિના શાસ્ત્રોક્ત કાર્યો કરવા છે. ૧૪૪૪ ગ્રંથ કર્તા પૂ. હરિભદ્રસૂરિ મહારાજા કહે છે -

तत्कारी स्यात् स नियमात्, तद्द्वेषी चेति यो जडः ।
आगमार्थे तमुल्लङ्घ्य, तत एव प्रवर्तते ।।

એ જે કરી રહ્યો છે
એનો જ એ દ્વેષ કરી રહ્યો છે.
એ શાસ્ત્રથી જ પ્રવૃત્તિ કરે છે
ને શાસ્ત્રને ઓળંગીને કરે છે.
આથી વધુ જડતા બીજી કઈ હોઈ શકે ?

શાસનયાત્રાનો પહેલો સ્ટેપ છે. શાસ્ત્ર. શાસ્ત્રને સમજો-જાણો-શાસ્ત્રજ્ઞ થાઓ. જ્યાં સુધી આ શક્ય ન બને ત્યાં સુધી ડગલે ને પગલે ગુરુ ભગવંતોને પૂછતા રહો, જો આ સ્ટેપ જ આપણે નથી ભર્યો તો આગળના બધા જ સ્ટેપ્સ ખોટા છે. શાસ્ત્ર એ શાસ્ત્રયાત્રાનું પ્રવેશદ્વાર છે. શાસ્ત્ર એ શાસનયાત્રામાં દીવો છે. શાસ્ત્ર વગર બધું જ અંધારું છે. મહો. શ્રીયશોવિજયજી મહારાજા જ્ઞાનસારમાં કહે છે -

**अदृष्टार्थेऽनुधावन्तः, शास्त्रदीपं विना जडाः ।**
**प्राप्नुवन्ति परं खेदं, प्रस्खलन्तः पदे पदे ।।**

*જડ જીવો અદૃષ્ટ વસ્તુ - પુણ્ય-આત્મશુદ્ધિ માટે દોડે છે પણ શાસ્ત્રનો દીવો એમણે સ્વીકાર્યો હોતો નથી, પરિણામે તેઓ ડગલે ને પગલે ગોથા ખાય છે. ને સાવ જ હારી - થાકી જાય છે.*

શાસ્ત્ર સાંભળી/જાણી/વાંચી લેવું પૂરતું નથી. જેણે ‘હું’ ના ચશ્મા પહેરીને શાસ્ત્ર વાંચ્યું હોય એના માટે શાસ્ત્ર સુદ્ધા ‘હું’ જ બની જાય છે. જે ‘હું’ ને ભૂંસી શકતો નથી ને ‘શાસન’ ને લખી શકતો નથી એના માટે શાસ્ત્ર પણ ‘મિથ્યાત્વ’ નો ભાગ બની જાય છે. કારણ કે હૃદયમાં શાસનને વસાવ્યા વિના મિથ્યાત્વ જતું નથી અને મિથ્યાત્વની હાજરીમાં આગમો ને શાસ્ત્રો પણ મિથ્યાત્વ રૂપે જ પરિણમે છે. જિનાગમ સ્પષ્ટ કહે છે.

**मिच्छद्दिट्ठी परिग्गहीयं मिच्छसुयं ।**

*મિથ્યાત્વી જે પણ ભણે એ મિથ્યાશ્રુત જ હોય છે.*

શાસ્ત્રના સંદર્ભમાં છેલ્લી વાત - શાસ્ત્રે કહેલા દરેક ઉત્સર્ગનો અપવાદ હોય છે.

**जावइया उस्सग्गा तावइया चेव अववाया ।**

*જેટલા ઉત્સર્ગો છે તેટલા જ અપવાદો છે.*

રસ્તો જ ટર્ન લેતો હોય ને તમે સીધા ચાલવા માંગો છો, એનો અર્થ એ છે કે તમે અથડાવા-કુટાવા માંગો છો. છગન એરપોર્ટ પાસે ઉભો હતો. એક અમેરિકન બહાર આવ્યો. છગન ને પૂછ્યું. 'અમારે ત્યાં બધા જમણેથી ગાડી ચલાવે છે. તમારે ત્યાં ?' છગને તરત જવાબ આપ્યો, 'સામેવાળો કઈ બાજુથી આવે એ પ્રમાણે ચલાવીએ.'

શાસ્ત્ર ખુદ કહે છે - દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હોય એ મુજબ તમારી ગાડી ચલાવજો, જ્યાં ઉત્સર્ગસાપેક્ષ દ્રવ્યાદિ-ઉચિત એવી ગીતાર્થપ્રવૃત્તિ છે, ત્યાં અપવાદમાર્ગ

છે. આડેધડ શાસ્ત્રનિરપેક્ષ પ્રવૃત્તિ છે, ત્યાં ઉન્માર્ગ છે. જેને જે સૂઝે એવું એ કરે એને શાસનનું કામ ન કહેવાય. ક્યારેક એવુ કામ શાસનની ઘોર ખોદવાનું કામ બની જાય.

(૨) **સ**હધર્મિણી - શાસ્ત્ર પ્રેરણા આપે, સહધર્મિણી પ્રોત્સાહન આપે. છગને મગનને પૂછ્યું, 'હિપ્નોટિઝમ એટલે શું ?' મગને કહ્યું, 'કોઈને વશમાં કરીને મરજી મુજબ કામ કરાવવું.' છગન કહે, 'ચલ જુટ્ઠા, એને તો લગ્ન કહેવાય.'

સાચી પત્ની કોને કહેવાય ? ધાર્યું કરાવે એ ? પતિના ધર્મમાં આડે આવે એ ? પતિને પોતાના મોજશોખોની પૂર્તિનું સાધન બનાવે એ ? જરા ઈચ્છાવિરુદ્ધ થાય ને કકરાટ કરે એ ? પોતાની 'ખુશી'થી વધુ જેને મન કશું જ છે જ નહીં એ ? નીતિશાસ્ત્રો પત્નીની ડેફિનેશન કરે છે -

## सा भार्या या पतिप्रीता

### પત્ની એ જે પતિથી જ ખુશ છે.

પતિ પાસેથી કાંઈ પામીને ખુશ થાય. તેના માટે પતિ એક માધ્યમ બને છે. તેનો ખરો સંબંધ જોઈતી વસ્તુ સાથે હોય છે. પતિ સાથે નહીં. પતિ સાથેનો સંબંધ વસ્તુના હિસાબે હોય છે. વાસ્તવિક નહીં, તેને વસ્તુ ન મળે તો પતિ પર ચોકડો લાગી જાય છે. સાચી પત્ની એ છે જેનો સંબંધ પતિ સાથે છે, ફક્ત પતિ સાથે. પતિ વસ્તુ આપે તો ખુશ, એ જેમ સાચી પત્ની નથી, તેમ પતિ સમય આપે તો ખુશ, એ પણ સાચી પત્ની નથી. કારણ કે સમય પણ એક પ્રકારની વસ્તુ જ છે. પતિ સારા કપડા-આભૂષણ આપે છે માટે ગમે છે ત્યારે પતિ અને આપણા વચ્ચે વસ્ત્રાભૂષણ આવી ગયા હોય છે. આપણે પતિ સુધી પહોંચી શકતા નથી. પતિ વિષયસુખ આપે છે, માટે સારા છે, ત્યાં પતિ

અને આપણી વચ્ચે વિષયસુખ આવી ગયું હોય છે. આપણે પતિ સુધી પહોંચી શકતા નથી. પતિ સમય આપે છે, માટે આપણે સંતુષ્ટ છીએ, ત્યાં પતિ અને આપણી વચ્ચે સમય આવી ગયો હોય છે, આપણે પતિથી અળગા જ હોઈએ છીએ.

એક અપેક્ષાએ જોઈએ તો પત્ની પતિના સાન્નિધ્યને ઈચ્છે એમાં કશું જ ખોટું નથી, પણ શરત એટલી જ કે એ ખરેખર સાન્નિધ્ય હોવું જોઈએ... જ્યાં અપેક્ષા-આગ્રહ-અંતરાય વગેરે હોય, પતિની ઈચ્છાને કચડીને આપણી ઈચ્છા પૂરી કરવાની પ્રવૃત્તિ હોય ત્યાં ખરા અર્થમાં સાન્નિધ્ય નથી હોતું, વિયોગ હોય છે. શાસ્ત્રો કહે છે -

**पतिप्रियहिते युक्ताः, स्वाचारा विजितेन्द्रियाः ।**
**इह कीर्तिमवाप्नोति, प्रेत्य चानुत्तमां गतिम् ।।**

*જે પતિના પ્રિયમાં અને હિતમાં લાગેલી હોય*

*જે સદાચારસંપન્ન હોય અને ઈન્દ્રિયોને કાબુમાં લેનારી હોય તે અહીં કીર્તિ પામે છે, અને પરલોકમાં શ્રેષ્ઠ ગતિ પામે છે.*

જે ધર્મ કરવામાં પતિનો અંતરાય ન બને પણ પતિના અંતરાયનો અંતરાય બને એનું નામ સાચી પત્ની. એક મનોરમા નામની પત્ની થઈ ગઈ. જેણે પોતાના પતિ સુદર્શન શેઠ પર આવેલ કલંક દૂર કરવા કાયોત્સર્ગ કર્યો. શાસનદેવતાને હાજર થવું પડ્યું અને શૂળીનું સિંહાસન થઈ ગયું. એક 'અનુપમા' નામની પત્ની થઈ ગઈ જે પતિ અને જેઠ - તેજપાલ-વસ્તુપાલના જિનશાસનના એક એક કાર્યમાં પ્રેરણામૂર્તિ બની રહી, એક રજપૂતાણી પત્ની થઈ ગઈ પતિ પોતાના મોહમાં યુદ્ધે જવા આનાકાની કરતા હતા તો પતિની તલવાર લઈને પોતાનું ડોકુ કાપી નાખ્યું, જેથી પતિના કર્તવ્યપાલનનો રસ્તો સાફ થઈ જાય.

ચન્દ્રશેખર આઝાદની માતા લગ્ન માટે ખૂબ આગ્રહ કરતી હતી. એની ઈચ્છા દેશ માટે જિંદગી આપવાની હતી. માતાનો આગ્રહ ઓર વધ્યો, ચંદ્રશેખર આઝાદે કહ્યું કે મા ! હું દુશ્મનોની સામે જંગે ચડ્યો હોઉં, ધડાધડ ગોળીઓ છોડતો હોઉં, એ સમયે મને પાછળથી બંદૂકમાં કારતૂસ ભરીને આપતી જાય એવી કોઈ કન્યા હોય તો લાવ, હું આજે જ લગ્ન કરવા તૈયાર છું.

યા કારતૂસ ભરે તો એ સાચી પત્ની છે, યા કાયોત્સર્ગ કરે તો સાચી પત્ની છે. કંકાસ કરે તે પત્નીના રૂપે શત્રુ હોય છે. હું શ્રાવિકાઓને કહું છું કે જે દિવસે તમારા શ્રાવક શાસનયાત્રા માટે એક પગલું ભરતા હોય, એ દિવસે તમે જો ખુશીથી નાચી ઉઠો, તો તમે એમને કંકુનું તિલક કરીને અક્ષતના વધામણા કરીને મંગળ શુકન આપો, પળે પળે તમારા મનમાં પરમાનંદ ઉભરાતો હોય, પતિની શાસનયાત્રા તમારા માટે આનંદયાત્રા બની રહે,

તો સમજજો કે તમે ખરા અર્થમાં લગ્ન કર્યા છે. જ્યાં 'ક્રોસ' છે, ત્યાં ભલે આખી જિંદગી સાથે રહો, એક્ચ્યુલી ડિવોર્સ છે.

બહાર લફરા કરીને દારૂ ઢીંચીને રાતે એક વાગે ઘરે પાછા આવનારા ને આવીને પત્નીની મારપીટ કરનારા પતિઓનો તોટો નથી, વિકૃત શોખોને પૂરા કરવા માટે પત્નીના શીલનું મર્ડર કરનારા પતિઓ પણ ઓછા નથી, પત્નીના પૈસા-ઘરેણાં જબરદસ્તી ઝૂંટવી લેનારા ને પિયરથી પૈસા મંગાવવા પત્ની પર ટોર્ચરિંગ કરનારા પતિઓનો ય સુકાળ છે, પત્નીને આ ભવમાં જ નરક દેખાડી દેનારા પતિઓ ઠેર ઠેર છે, આવા સમયમાં સંસ્કારી, સદાચારી, શાસનપ્રેમી અને વફાદાર પતિ તમને મળ્યા છે, એ તમારું પરમ સૌભાગ્ય છે. આ સૌભાગ્યને પોતાના હાથે જ રગદોળી દેવું ? કે પછી સાર્થક કરવું ! એ તમારે નક્કી કરવાનું છે. તમને શાસને સંસ્કારી પતિ

આપ્યા. હવે પતિ ક્યારેક શાસનનું કાર્ય કરવા ઈચ્છે - સમય એનો એ જ છે. યા શાસન યા તમે ? તમે શું ઈચ્છશો ? પતિ પહેલા શાસનના, પછી મારા, આ ફીલિંગ્સ તમને નહીં આવે ? અરે, આપણે તો એ ફીલિંગ્સ સુધી પહોંચવાનું છે કે શાસન પણ મારું જ છે ને, તો પછી યા શાસન યા હું. આવા ઓપ્શન્સ જ ક્યાં આવે છે ?

તમે અધર્મિણી પણ બની શકો છો, ને વિધર્મિણી પણ બની શકો છો, પણ એમાં તમારું ગૌરવ પણ નથી અને આનંદ પણ નથી. શાસનયાત્રામાં પતિને પ્રોત્સાહન આપે, પીઠબળ આપે, અરે સાથ અને સંગાથ સુદ્ધા આપે એનું નામ સહધર્મિણી.

(૩) **ન**મ્રતા - શાસ્ત્ર પ્રેરણા આપે, સહધર્મિણી પ્રોત્સાહન આપે અને નમ્રતા પાત્રતા આપે છે. મોહસામ્રાજ્યનો આધાર અહં છે. શાસનસામ્રાજ્યનો

આધાર નમ્રતા છે. પૂ. ધર્મદાસગણિ મહારાજા ઉપદેશમાલામાં કહે છે –

**विणओ सासणे मूलं**

*જિનશાસનનું મૂળ કાંઈ હોય, તો એ છે વિનય.*

તમારામાં શાસ્ત્રજ્ઞાન ચાહે ગમે તેટલું હોય, સહધર્મિણીનો સપોર્ટ પણ ચાહે ગમે તેટલો હોય, તમારામાં જો નમ્રતા નથી, તો તમે શાસનનું કામ નહીં કરી શકો. જે શાસનની બહાર હોય એ કદી શાસનનું કામ ન કરી શકે. જે શાસનની અંદર હોય, એ જ શાસનનું કામ કરી શકે અને શાસનમાં પ્રવેશ કરવા ઝુકવું જરૂરી છે. શાસનનો એન્ટ્રેન્સ નાની હાઈટનો છે. જે અક્કડ હોય છે એમને નેચરલી નો-એન્ટ્રી મળી જાય છે. ફક્ત એન્ટ્રેન્સ જ નહીં, આખા ય શાસનમંદિરમાં અક્કડ ઊભા રહેવા જેટલી હાઈટ જ નથી, તમે ઝુકી શકો તો જ તમે શાસનમાં ઊભા રહી શકો, અક્કડ હોય એ કદી

શાસનમાં ઊભો રહી શકતો નથી.

**પ્રશ્ન** - બેસીને અક્કડ રહીએ તો ?

**ઉત્તર** - આનો જવાબ વંદિત્તા સૂત્રમાં આપેલો છે.

**अब्भुट्ठिओ मि आराहणाए**

*શાસનનો ભાવાર્થ છે આરાધના માટે અભ્યુત્થાન.*

જ્યાં ભાવથી બેસી રહેવાનું છે, ત્યાં શાસન નથી. પ્રતિક્રમણની અપેક્ષાએ જોઈએ તો એમાં પલાંઠી મારીને બેસવાની એક પણ ક્રિયા નથી. મુહપત્તિ પડિલેહણ વાંદણા માટે હોય છે. વાંદણા ઝુકવા માટે હોય છે, ખમાસમણું ઝુકવા માટે હોય છે. ચૈત્યવંદનમુદ્રા વિનય માટે હોય છે. સજ્ઝાય અહં-જ્વરની ચિકિત્સા માટે હોય છે. વંદિતુ 'અભ્યુત્થાન'ની પૃષ્ઠભૂમિકા હોય છે.

ખરો સવાલ ઊભા રહેવાનો કે બેસવાનો નથી, ખરો સવાલ ઝુકવાનો પણ નથી, ખરો સવાલ નમ્રતાનો અને અહંત્યાગનો છે. આપણે ઝુકી ય ગયા, પણ જો

આપણો અહં નથી ઝુક્યો તો આપણે અક્કડ જ છીએ. જિનશાસનની શરૂઆત થાય છે 'નમો'થી, આપણને ભલે લાગતું હોય કે આપણે ક્યાંય આગળ નીકળી ગયા, જો આપણી પાસે 'નમો' નથી, જો આપણો અહં લગીરે ઝુકવા તૈયાર નથી, હજી આપણી ને શાસનની વચ્ચે નામ આવી જાય છે, હજી આપણી ને શાસનની વચ્ચે હું આવી જાય છે, હજી આપણી ને શાસનની વચ્ચે મારું આવી જાય છે, હજી આપણે અહં ખાતર શાસનનું બધું જ નુકશાન ઠંડે કલેજે જોઈ શકીએ છીએ, તો હકીકતમાં આપણી શરૂઆત પણ નથી થઈ.

છાતી પર હાથ મુકીને આપણે આપણને પૂછીએ – શાસન આપણું ઉપકારી છે એવું લાગે છે ? કે આપણે શાસનના ઉપકારી છીએ એવું લાગે છે ? શાસન આપણને ચલાવે છે એવું લાગે છે ? કે આપણે શાસન ચલાવીએ છીએ એવું લાગે છે ?

છગનને પેલો અમેરિકન કહે, ''અમારા દેશે મંગળ અને શનિ ગ્રહ શોધ્યા છે અને એ માટે ૧૨૭ બિલિયન ડોલર્સ નો ખર્ચ કર્યો છે.'' છગને ઠાવકા મોઢે કહ્યું, ''અમારે ત્યાં પંડિત ૧૦૧ રૂ. માં બંને ગ્રહોની દશા અને દિશા બદલી નાંખે છે.''

આપણું કશું ચાલતું ન હોવા છતાં આપણાથી જ બધું ચાલે છે આવી ભ્રમણામાંથી આપણે મુક્ત થઈ શકતા નથી. આપણે દરેક સર્વે-સર્વા છીએ- એવું આપણને લાગે છે- બીજાને આપણે સહી શકતા નથી. સમાન ક્ષેત્રમાં કાર્ય કરનારા આપણને અનુમોદનીય નથી લાગતા, બલ્કે અળખામણા લાગે છે, તેઓ છે એ આપણી તકલીફ છે, તેઓ વિના શાસનના ૫-૨૫ કામો નહીં થાય એ મુદ્દતે આપણને કોઈ જ તકલીફ નથી, ને આપણને લાગે છે કે આપણે શાસનનું કામ કરી રહ્યા છીએ, આપણે શાસનના સેવક છીએ. આત્મનિરીક્ષણ

કરશું તો આપણને લાગશે કે આપણે શાસન પાસે આપણા અહંપોષણની સેવા કરાવી રહ્યા છીએ ને જો આપણો અહં ઘવાયો તો આપણે શાસનને ય ક્યાંય ફગાવી દેતા અચકાતા નથી.

નમ્રતા કેળવીએ. એના વિના આત્મકલ્યાણ, શાસનસેવા, સદ્‌ગતિ કે મોક્ષ... કશું જ શક્ય નથી.

(૪) **યા** – હોમ - **શાસ્ત્ર** પ્રેરણા આપે છે. **સહધર્મિણી** પ્રોત્સાહન આપે છે, **નમ્રતા** પાત્રતા આપે છે, **યા હોમ** પરાક્રમ આપે છે, જો આપણે પરાક્રમ નથી કરવું તો મળેલી પ્રેરણા-પ્રોત્સાહન-પાત્રતાનો કોઈ અર્થ નથી. શાસનનો ખરો પ્રેમ એ છે જે આપણને યા હોમ કરીને કૂદી પડાવે. ઉપદેશમાલામાં પૂ. ધર્મદાસગણિ મહારાજાએ આ વાત કરી છે.

**साहूणं चेइयाणं च पडिणीयं चेव अवण्णवायं च ।**
**जिणपवयणस्स अहियं सव्वत्थामेण वारेइ ।।**

*સાધુના કે ચૈત્યોના દુશ્મનો હોય*
*સાધુની કે ચૈત્યોની નિંદા થતી હોય*
*કે જિનશાસનના કોઈ પણ અંગનું*
*કોઈ પણ રીતે અહિત થતું હોય,*
*તો શ્રાવક એની બધી જ શક્તિ લગાવીને તૂટી જ પડે*
*અને એનું નિવારણ કરે.*

આજના જિનશાસનને સૌથી વધારે ખતરો એના સમજુ અનુયાયીઓથી છે. આપણી પાસે સમજણ છે. કે આ બધું સાંભળીને ખંખેરીને ઊભા થઈ જવાનું હોય, આપણી પાસે સમજણ છે કે આપણી પહેલી ફરજ આપણું ઘર સંભાળવાની છે, આપણી પાસે સમજણ છે કે આ બધી વાતો સારી છે પણ પ્રેકટીકલ નથી, આપણી પાસે સમજણ છે કે આમાં આપણાથી કશું જ થઈ શકે તેમ નથી. આપણી પાસે સમજણ છે કે આ બધું આપણું કામ નથી. આપણી પાસે સમજણ છે કે

આ બધું ફલાણા ફલાણાનું કામ છે. આપણી પાસે સમજણ છે કે આપણું લેવલ એટલું ઊંચું છે કે આ કામ આપણું નથી.

**मै भी रानी तूँ भी रानी**

**तो कौन भरेगा पानी ?**

ઘર સાચવીને બેસી જનારાનું ઘર પણ સાચવવાનું નથી ને શાસન પણ સચવાવાનું નથી. જે શાસન સાચવશે એનું બધું જ સચવાઈ જશે.

આજે જિનશાસન સંપ્રતિ ને કુમારપાળનું યા હોમ શોધી રહ્યું છે. આજે જિનશાસન પેથડશા ને ઝાંઝણશાનું યા હોમ શોધી રહ્યું છે. આજે જિનશાસન વસ્તુપાળ ને તેજપાળનું યા હોમ શોધી રહ્યું છે. આપણી પાસે ભીડ છે, જૈનં જયતિના નારા છે. ઓચ્છવ-મહોત્સવો છે, ઢમ્ ઢમ્ ને મમ્ મમ્ છે. આપણી પાસે આપણી બિરુદાવલિઓ છે. સાંભળનાર થાકી જાય એટલી આપણી

સુકૃત અનુમોદના છે. આપણી પાસે ફક્ત યા હોમ નથી.

હું તમને પૂછું છું – આ બધું સાંભળીને તમારે શું કરવું છે ? મારી વાત સમજાય છે ? કે તમારી સમજણ સમજાય છે ? છગને એના દીકરાને કહ્યું, ‘‘બેટા, આ વખતે તને ૯૫% તો આવવા જ જોઈએ.’’ દીકરીએ કહ્યું, ‘‘ના પપ્પા, ૧૦૦% આવવા જોઈએ.’’ છગન કહે, ‘‘મજાક ના કર.’’ ચિંટુએ કહ્યું, ‘‘પપ્પા, કોણે શરૂઆત કરી ?’’

I ask you, જિનશાસનની સંવેદનાથી તમારું અંતર હિલોળે ચડ્યું હોય, શાસન ભડકે બળી રહ્યું છે એ મુદ્દે તમે રીતસર સળગી રહ્યા હો અને તમે કોઈના ઝાલ્યા ન ઝલાઓ, યા હોમ કરીને કૂદી પડો. શાસનના વિઘ્નો પર તૂટી જ પડો અને શાસનની ધજા દુનિયાભરમાં લહેરાવો એવી મારી લાગણી હોય, તો શું હું મજાક કરી રહ્યો છું ?

આપણે અનંત ભવો સંસારને આપ્યા, સંસાર પણ કૃતજ્ઞ છે. એણે આપણને રિર્ટન ગિફ્ટ આપી, અનંત ભવો નરકના આપ્યા, અનંત ભવો નિગોદના આપ્યા... હવે આ મૂર્ખામીનો ધંધો છોડીએ, એક ભવ શાસનને આપીએ, અનંત ભવોનું દળદર ફીટી જશે.

(૫) **ત્રા**ણ યોગ - શાસ્ત્રની પ્રેરણા મળી, સહધર્મિણીનું પ્રોત્સાહન મળ્યું. નમ્રતાની પાત્રતા પણ મળી અને યા હોમ-નું પરાક્રમ પણ મળ્યું... પણ હજી છેલ્લું પરિબળ બાકી છે. જેનું નામ છે ત્રાણયોગ. ત્રાણયોગ શાસનયાત્રામાં પરિપૂર્ણતા આપે છે.

છગનના ફોનની રિંગ વાગી, છગને જોયું તો મગનનો ફોન હતો. છગને રિસિવ કર્યો, મગન કહે, ''બોલ શું હાલ-ચાલ છે ?'' છગન કહે, ''હાલ હવાલ થઈ ગયા છે.'' ''કેમ ? શું થયું ?'' ''આજે તો દશ જણે મળીને મને એકલાને માર્યો.'' શું વાત કરે છે ?

પછી ?'' ''મેં કહ્યું - એક એક કરીને આવો.'' ''બરાબર છે. પછી ?'' ''એક એકે આવીને ફરી મને માર્યો.''

ત્રાણ યોગ - વિવેક વિના-બળાબળની વિચારણા વિના શાસનના નામે બાંયો ચડાવનારા શાસનને જ માર ખવડાવે છે. તેવાઓમાં વાસ્તવમાં શાસનના કામો કરવાની યોગ્યતા જ નથી હોતી. આડે-ધડ શાસનના કામો કરનારા હકીકતમાં આડે-ધડ શાસનના કામોને બગાડતા હોય છે.

આપણી પાસે વોટબેન્ક નથી. નોટબેન્ક પણ નથી. કારણ કે એનો શાસનલક્ષી ઉપયોગ થતો નથી. આપણા કેટલા આપણા ? કરી છૂટવાવાળા કેટલા ને ભાગી છૂટવાવાળા કેટલા ? અરે, પહેલાથી જ છૂટી પડનારા કેટલા ? આ બધા મનનીય પ્રશ્નો છે. હવે આ બધામાંથી ગળાઈ-ચળાઈને થોડા જણ શાસનનું કામ કરતા હોય ને એમનામાં વિવેક ન રહે, તો શાસનની શું દશા થાય ?

આપણે શાસનની રક્ષા કરવી છે ? કે એને વધુ કફોડી સ્થિતિમાં મુકી દેવું છે ?

યા હોમ-નો અર્થ કાચું કાપવું નથી. યા હોમ-નો અર્થ ઉંધું વેતરવું નથી. યા હોમ-નો અર્થ મન ફાવે તેમ કૂદી પડવું પણ નથી, યા હોમ-નો અર્થ છે સંવેદનાને પુરુષાર્થનું રૂપ આપવું, યા હોમનો અર્થ છે સંસારને બાજુમાં હડલેસીને શાસનને પ્રાયોરિટી આપવી. યા હોમનો અર્થ છે આપણી વિષયલંપટતા ફગાવીને શાસન-સમર્પણ માટે કટિબદ્ધ બનવું. યા હોમનો અર્થ છે સંસાર કે શાસન - એનો એક જ ક્ષણમાં નિર્ણય લઈ એનો અમલ કરવવો.

ત્રાણયોગ. કેટલાંક આપણા જ લોકોની મેથી મારવામાં ને એમના માથે માછલા ધોવામાં શાસનસેવા માને છે. કેટલાંક આપણા જ લોકોની જાહેરમાં નિંદા કરવામાં ને એમને ધમકાવવામાં શાસનસેવા માને છે.

કેટલાંકને ફક્ત ઘરની અંદર સિંહગર્જના કરવી ફાવે છે. આપણી નજર સામે આપણા જ લોકોને બીજાઓ પંપાળીને પોતાના કામ કાઢી લેતા દેખાતા હોય ને બીજી બાજુ આપણે આપણા જ લોકોનો ટાંટિયો ખેંચીને એમના દોષોદ્‌ઘાટન કરીને ફલતઃ શાસનને જ કડડભૂસ કરી રહ્યા હોઈએ એવું નથી લાગતું ?

ત્રાણયોગ – નાનામાં નાના કાર્યકરના અને સંઘની સૌથી ગરીબ વ્યક્તિના પણ સમ્માનને તમે સાચવો છો, ત્યારે તમે 'ત્રાણયોગ'માં હો છો. નાની સંસ્થાના ભાઈઓથી માંડીને સંઘના ટ્રસ્ટીઓ સુધીનાને તમે જો ગુણદૃષ્ટિથી જુઓ છો ને હૃદયથી એમની અનુમોદના કરો છો, તો તમે 'ત્રાણયોગ' માં હો છો. સંઘના અને તીર્થોના પ્રમુખથી માંડીને જૈન સરકારી અધિકારીઓ સુધી તમે મધુર સંબંધ રાખી અવસરે શાસનના કાર્યો કરાવતા હો, તો તમે 'ત્રાણયોગ'માં હો છો. એક નાનામાં નાની પણ

અન્યધર્મીય વ્યક્તિથી માંડીને ભારતના પીએમ સુધીના સહુ શાસન માટે અહોભાવ પામે એવું જ તમારું વલણ હોય તો તમે ત્રાણયોગમાં હો છો.

બાકી દીર્ઘદૃષ્ટિ વિના, બળાબળના વિચાર વિના, સાનુબંધ લાભાલાભ જોયા વિના જ્યારે આપણે એક ઘા અને બાર ટુકડા કરતા હોઈએ છીએ, ત્યારે આપણે હકીકતમાં શાસન પર જ ઘા કરતા હોઈએ છીએ. આપણા ઘર માટે આપણે આવું રીસ્ક નથી લેતા, તો શાસન માટે લેવાય ?

નાના-મોટા દરેકને ખૂબ પ્રેમ આપો... અનુમોદનાથી નવડાવી દો, એમના સ્વમાનને ઈજા ન પહોંચાડો, એમને સમજવાનો પ્રયાસ કરો. એમને મીઠી નજરથી જુઓ. એમની તકલીફોને પોતાની તકલીફ માનો, એમની ભૂલો પ્રત્યે આંખ આડા કાન કરો ને યોગ્યતા લાગે તો અવસરે એકાન્તમાં ઘણી અનુમોદના કરીને પ્રેમથી ભૂલ સમજાવો,

જો તમને આવું ફાવે તો તમે શાસનના કામ કરી શકશો. જો તમને આવું નહીં ફાવે તો શાસનનું કામ થશે એથી વધુ બગડશે. ન તમને આનંદ-ઉલ્લાસ હશે, ન તમારી આસ-પાસનાને. એમના આનંદ-ઉલ્લાસને તોડવામાં તમે નિમિત્ત બનશો. ને શાસનના આડકતરા દુશ્મન બનશો.

શાસનને સાચવવાની જેટલી જરૂર હોય છે, એટલી જ શાસનના કાર્યો કરનારાના કે શાસનના કાર્યોમાં અપેક્ષિત વ્યક્તિઓના મન સાચવવાની જરૂર હોય છે. આ તથ્ય સમજ્યા વિના તડ ફડ કરનારા તાત્ત્વિક દૃષ્ટિએ શાસન સાથે જ તડ ફડ કરતા હોય છે. ત્રાણયોગ. અંદરની વ્યક્તિ કે બહારની વ્યક્તિ-બધાના મન સાચવો. શાસન સચવાઈ જશે.

તમે ગમે તેટલી વ્યક્તિગત આરાધનાઓ કરો. શાસનયાત્રા વિના મોક્ષયાત્રા નથી. શાસનયાત્રા એ સમ્યગ્દર્શનનું જ બીજું નામ છે. જેના વિના બધી જ

આરાધનાઓ નિષ્ફળ છે. સુખ-શાંતિ-સમૃદ્ધિ-આરોગ્ય-યશ-સદ્ગતિની પરંપરા અને મોક્ષ આ બધું જ શાસનયાત્રાને સ્વાધીન છે. ચાલો, આપણે બહુ આમ તેમ રખડ્યા. હવે પ્રસ્થાન કરીએ.. શાસનયાત્રા માટે..

*પરમ તારક પરમ શ્રદ્ધેય*
*શ્રીજિનાજ્ઞાવિરુદ્ધ*
*લખાયું હોય તો*
*ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્*

માગસર સુ. ૩, વિ. ૨૦૭૭,
શ્રી પરમ આનંદ જૈન સંઘ,
વીતરાગ સોસાયટી,
અમદાવાદ.

Journey જિનશાસન
નરક યાત્રાને સ્વર્ગયાત્રામાં
Convert કરી દેવા
સ્વર્ણિમ અવસર

---

Journey જિનશાસન
મોક્ષ ન થાય ત્યાં સુધી
સંસારયાત્રાને સુખયાત્રા બનાવી દેવાની
Formula

---

Journey જિનશાસન
જૈનત્વને ઝળકાવવાનો
અને નસીબને ચમકાવવાનો Golden Chance

---

Journey જિનશાસન
દોડો,
હવે પાણી નાક ઉપર જઈ રહ્યું છે.

Journey જિનશાસન
આજે ન દોડ્યા
તો આપણે આપણને કદી માફ નહીં કરી શકીએ.

---

Journey જિનશાસન
એ ભડકે બળી રહ્યું છે.
આપણે ઠારી દઈએ

---

Journey જિનશાસન
તીર્થયાત્રા કરવી-ન કરવી એ Optional છે.
શાસનયાત્રામાં કોઈ જ Option નથી.

---

Journey જિનશાસન
પગલે
પગલે
પરમાનંદ

Journey જિનશાસન
દરેક પગલે
માસખમણનું પુણ્ય

---

Journey જિનશાસન
હેરાનગતિની પોતાની હેરાનગતિ
ને તમારી સદ્ગતિ
ને પરમગતિ.

---

શાસનયાત્રા
Journey જિનશાસન
ચાલો
જરા શાસનને સાંભળીએ ને સંભાળીએ
શાસન બચી જશે
તો આપણે બચી જશું.

Journey જિનશાસન

અનાદિના દુઃખદ ભવભ્રમણ પર

સુખદ પૂર્ણવિરામ

---

Journey જિનશાસન

Late ?

તો સુખો પણ Late.

Absent ?

તો સુખો પણ Absent

---

Journey જિનશાસન

ઘાણીના બળદ તરીકેની Dutyમાંથી

બે કલાક મુક્તિ

---

Journey જિનશાસન

શું તમે બે પગલા પણ

નહીં ચાલો ?

Journey જિનશાસન
સમજદારોની
યાત્રા

---

Journey જિનશાસન
Yes I'll come
definately

---

Journey જિનશાસન
સ્વાગતમ્
લિ. જિનશાસન

---

Journey જિનશાસન
શાસનયાત્રાની
ખરી શરૂઆત